**ક્રિમીનલ કેસ નં. ૨૫૯૩૦/૨૦૨૧**

**<u>આંક – ૧ નીચે હુકમ</u>**

આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વીસીસ ઓથોરીટીના ઉપક્રમે સ્પે.સીટીંગ યોજવામાં આવેલ છે. અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સતા મંડળ ધ્વારા ત્થા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે.સીટીંગ રાખેલ છે.

આ કામે આરોપી સામે ધી. પ્રોહી.એકટ કલમ–૮૫(૧) મુજબના ગુન્હા અંગે સંબંધીત પોલીસ સ્ટેશન ધ્વારા કોર્ટ સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે. અને ગુન્હાનું સંગ્નાન લેવામાં આવેલ છે. સદરહુ ચાર્જસીટ જોતા આરોપી ચોકકસ સમય અને ચોકકસ જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલી હાલતમાં મળી આવેલ છે. પરંતું ધી પ્રોહી. એકટની કલમ ૮૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના મુખ્ય તત્વો સાર્વજનીક સ્થળમાં છાકટો બનેલ હોય અને ઉપદ્રવ ઉભો કરેતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનાચાળા કરતો હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાતી નથી. આમ, ચાર્જસીટ તથા તેની સાથેના નીવેદનો તથા અન્ય દસ્તાવેજો વંચાણે લેતા ધી પ્રોહી. એકટની કલમ ૮૫(૧) મુજબનો ગુન્હો પ્રથમ દર્શનીય રીતે બનતો ન હોવાનું જણાય આવતું હોય આરોપીને ધી પ્રોહી. એકટની કલમ ૮૫(૧) માંથી ડીસર્ચાજ કરવો જોઈએ તેમ જણાય આવતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) આથી આ કામના આરોપીને ધી પ્રોહી. એકટની કલમ ૮૫(૧)માંથી ડીસ્ચાર્જ કરવામાં આવે છે.

(૨) આરોપીના જાત મુચરકા તથા જામીનખત રદ કરવામાં આવે છે.

આજરોજ તારીખ, ૧૨ મી, માહે: નવેમ્બર, સને: ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :–૧૨/૧૧/૨૦૨૨
સ્થળ :–અમદાવાદ(ગ્રામ્ય)

(મહેમુદ ઉસ્માન કુરમાની)
U.Id.code no.GJ01012
ત્રીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર